ગુજરાત તકેદારી આયોગને 11223 ફરિયાદો મળી

સુરત જિલ્લામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર

શહેરી વિકાસ વિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર , બીજા ક્રમે મહેસૂલ વિભાગ

ગાંધીનગર : ગુજરાત તકેદારી આયોગ (વિજીલન્સ કમિશન)ને 2024ના વર્ષ દરમિયાન સરકારના વિવિધ વિભાગોમાં ભ્રષ્ટાચારની 11223 જેટલી ફરિયાદો મળી છે, જો કે આ બધીજ ફરિયાદો કરનાર ગુજરાતના શહેરો પૈકી સુરત જિલ્લા સંદર્ભે ભ્રષ્ટાચારની સૌથી વધુ ફરિયાદો આયોગ સમક્ષ આવી છે. જ્યારે બીજા ક્રમે અમદાવાદ, ત્રીજા ક્રમે વડોદરા , ચોથા ક્રમે રાજકોટ અને પાંચમાં ક્રમે ગાંધીનગર જિલ્લા સંબંધિત ફરિયાદ કરાઈ છે. આયોગના વાર્ષિક રિપોર્ટમાં જણાવ્યા મુજબ , શહેરિ વિકાસ વિભાગમાં ભ્રષ્ટાચારની 3271 ફરિયાદ , બીજા ક્રમે મહેસૂલ વિભાગની 1018 ફરિયાદો , ત્રીજા ક્રમે ગૃહ વિભાગની 862 ફરિયાદો , ચોથા ક્રમે પંચાયત વિભાગની 800 ફરિયાદો અને પાંચમાં ક્રમે શ્રમ - રોજગાર વિભાગની 495 ફરિયાદો આયોગ સામે આવી છે.

આયોગદ સમક્ષ 2024 દરમિયાન એકંદરે 2823 તપાસ રિપોર્ટ વિચારણા હેઠળ હતા. જ્યારે તેમાંથી 1626નો નિકાલ કરાયો હતો. આયોગને 2024માં 562 સંદર્ભ કેસો મળ્યા હતા. જેમાંથી 400 સંદર્ભવ કેસોનો નિકાલ કરાયો હતો. 2024ના વર્ષના અંતે આયોગ પાસે 3556 જેટલા કેસો પડતર હતા. 2024ના અંતે બોર્ડ - નિગમોના અધિકારીઓ - કર્મચારીઓ સામેની ફરિયાદોમાં પ્રાથમિક તપાસના 3750 કેસો પૈકી 939 કેસો પડતર રહ્યા છે.

આયોગની ભલામણો

આયોગે માત્ર શિક્ષાત્મક જ નહીં, પણ ભ્રષ્ટાચાર અટકાવવા માટે વહીવટી સુધારાઓ માટે પણ મહત્વના સૂચનો આપ્યા છે. તેમાં ઈ-તકેદારી પોર્ટલ, પ્રોસેસ રી-એન્જિનિયરિંગ, ઓટોમેશન અને પારદર્શિતા વધારવાના પગલાં પર ભાર મૂકાયો છે, જેથી ભવિષ્યમાં ગેરરીતિઓ અટકાવી શકાય.ખાસ કરીને ઓનલાઇન પોર્ટલ, ઈ-તકેદારી અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) જેવી વ્યવસ્થાઓ દ્વારા પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.તકેદારી આયુક્ત સંગીતા સિંહે અહેવાલમાં સ્પષ્ટ કર્યું છે કે જો સમયમર્યાદાનું પાલન અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે તો ભ્રષ્ટાચાર સામેની લડત વધુ અસરકારક બની શકે છે.સંગીતાસિંહે ટિપ્પણી કરી છે કે ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદોના નિકાલમાં નક્કી કરેલી સમયમર્યાદાનું પાલન થતું નથી, જેના કારણે અરજદારોને વારંવાર એક જ ફરિયાદ માટે દોડધામ કરવી પડે છે.તેમણે રિપોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે વિભાગોના વડાઓ તેમજ બોર્ડ-નિગમોના અધિકારીઓ દ્વારા સમયસર કાર્યવાહી ન થવાને કારણે ફરિયાદોની પ્રક્રિયા લંબાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સમયમર્યાદાનું કડક પાલન જ અસરકારક ફરિયાદ નિવારણ માટે આવશ્યક છે.તકેદારી આયોગે આ સ્થિતિને લઈને વિભાગોને ચેતવણી આપતા જણાવ્યું છે કે સમયસર કાર્યવાહી કરવી,પેન્ડિંગ કેસોનો ઝડપી નિકાલ કરવો,અને જવાબદારી નક્કી કરવી અત્યંત જરૂરી છે.વહીવટી પ્રક્રિયાઓનું સરળીકરણ અને જવાબદારીનું નિર્ધારણ જ ભ્રષ્ટાચાર મુક્ત શાસનની ચાવી છે.

આ વિભાગોના સૌથી વધુ કેસ

શહેરી વિકાસ વિભાગના	707
પંચાયત વિભાગના	697
મહેસૂલ વિભાગના	573
માર્ગ મકાન વિભાગના	313
ઉદ્યોગ વિભાગના	184
શિક્ષણ વિભાગના	171
કૃષિ વિભાગના	140
આરોગ્ય વિભાગના	137
નર્મદા - જળ સંપત્તિ વિભાગના	121

પ્રાથમિક તપાસના કેસો

ગુજરાત પાણી પુરવઠા વિભાગના	46
સરદાર સોરવર નર્મદા નિગમના	38
ગુજરાત મેરી ટાઇમ બોર્ડના	35
પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના	11
એસટી નિગમના	10

૬૭૮ જાહેર સેવકો સામે શિસ્તભંગની કાર્યવાહીની સૂચના

ગુજરાત તકેદારી આયોગ દ્વારા વર્ષ-૨૦૨૪ના અહેવાલમાં રાજ્યના વિવિધ સરકારી વિભાગોમાં ચાલતા ભ્રષ્ટાચાર, નાણાકીય અનિયમિતતા અને વહીવટી શિથિલતા અંગે ગંભીર ખુલાસા કરવામાં આવ્યા છે. આયોગે વર્ષ દરમિયાન ૧૩૮૨ જેટલા જાહેર સેવકો સામે વિવિધ પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ભલામણ કરી છે. ભારે શિક્ષાની ભલામણ કરવામાં આવી છે. ૬૭૮ જાહેર સેવકો સામે ગંભીર પ્રકારની શિસ્તભંગની કાર્યવાહી સૂચવવામાં આવી છે. લાંચરૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા કરાયેલા છટકાના કેસો અને અન્ય તપાસના આધારે ૨૯ જાહેર સેવકો સામે ફોજદારી કાર્યવાહી (Prosecution) કરવાની મંજૂરી અપાઈ છે. ૫૪ સેવકો સામે હળવી શિક્ષા અને ૩૦ સામે નાણાકીય વસૂલાતની ભલામણ કરાઈ છે. ૫૮૮ કેસોમાં આક્ષેપો સાબિત ન થતા તેને દફતરે (Close) કરવાની સલાહ આપવામાં આવી છે.

જવાબદારો નિવૃત્ત થઇ ગયા છતાં તપાસ નહીં થઇ

આયોગે અહેવાલમાં ખાસ નોંધ્યું છે કે અનેક કિસ્સાઓમાં વિભાગો દ્વારા તપાસ અહેવાલ મોકલવામાં ૫ થી ૧૨ વર્ષ જેટલો અસાધારણ વિલંબ કરવામાં આવે છે. આ વિલંબના કારણે જવાબદાર અધિકારીઓ વયનિવૃત્ત થઈ જાય છે, જેના પરિણામે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી શક્ય બનતી નથી. ઉદાહરણ તરીકે વન અને પર્યાવરણ વિભાગમાં વર્ષ ૨૦૦૯ની ફરિયાદનો નિકાલ ૨૦૨૨માં થતા ૫ આક્ષેપિતો નિવૃત્ત થઈ ગયા હતા. તેવી જ રીતે માર્ગ અને મકાન વિભાગમાં પોરબંદર-દ્વારકા હાઈવેના કામમાં ૮ વર્ષના વિલંબને કારણે ૧૧ અધિકારીઓ સામે કાર્યવાહી થઈ શકી ન હતી. તળાવ ઉંડા ઉતારવામાં ગેરરીતિમાં ૧૨ વર્ષ બાદ પણ પોલીસ ફરિયાદ નહીં થઇ. બોડેલી સિંચાઈ વિભાગ હસ્તક તળાવ ઉંડા ઉતારવાના કામમાં થયેલી મોટી અનિયમિતતામાં આયોગે છેતરપિંડી અને ઉચાપત બદલ પોલીસ ફરિયાદની ભલામણ કરી હતી. જોકે, વિભાગે રેકોર્ડ તૈયાર કરવામાં ૧૨ વર્ષનો વિલંબ કરતા હજુ સુધી ગુનો નોંધાઈ શક્યો નથી. આ કિસ્સામાં ઇજારદાર પાસેથી ૨૬ લાખથી વધુની રકમ વસૂલ કરવામાં આવી છે.

ભારત તેની કુલ જરૂરિયાતના ૬૦ ટકા કુદરતી ગેસની આયાત કરે છે

ગલ્ફનું યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારતના લોકો રાંધણ ગેસની અછતનો સામનો કરી રહ્યા છે. સિલિન્ડરમાં મળતાં લિક્વિડ પેટ્રોલિયમ ગેસ (LPG) ની તંગીને કારણે કેટલીક રેસ્ટોરાંઓ બંધ થઈ ગઈ છે તો કેટલીકને પોતાનું મેનુ મર્યાદિત કરવાની ફરજ પડી છે. ભારતમાં LPG ની તંગી છે, પણ પાઈપ્ડ નેચરલ ગેસ(PNG)ની તંગી નથી. તે સમજવા માટે LPG અને PNG વચ્ચેનો તફાવત સમજવો પડશે. આપણે જેને PNG તરીકે ઓળખીએ છીએ તે હકીકતમાં લિક્વિફાઇડ નેચરલ ગેસ છે. ભારત લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) નો વિશ્વનો ચોથો સૌથી મોટો આયાતકાર દેશ છે અને તેની ઈંધણ માટેની ભૂખ ઝડપથી વધી રહી છે. અમેરિકા-ઇઝરાયલ-ઈરાન સંઘર્ષને કારણે જે સાંકડી ખાડીમાંથી વિશ્વના લગભગ ૨૦ ટકા LNG વેપાર થાય છે તે હોર્મુઝ સ્ટ્રેટ લગભગ બ્લોક થઈ ગઈ છે. ભારત સંપૂર્ણપણે આયાત પર નિર્ભર નથી. ૨૦૨૩ માં ભારતનું કુલ સ્થાનિક કુદરતી ગેસનું ઉત્પાદન ૩૬.૪ અબજ ક્યુબિક મીટર (bcm) સુધી પહોંચ્યું હતું. આ સ્થાનિક ઉત્પાદન ભારતની કુલ કુદરતી ગેસની જરૂરિયાતના આશરે ૫૦ ટકાને પૂર્ણ કરે છે, જ્યારે બાકીનો અડધો ભાગ મુખ્યત્વે LNG તરીકે આયાત કરવામાં આવે છે.

આપણો દેશ તેના ભૂમિભાગ અને દરિયાકાંઠા પર પથરાયેલા અનેક કાંપવાળા તટપ્રદેશોમાંથી કુદરતી ગેસ ઉત્પન્ન કરે છે. ભારતના પૂર્વ કિનારા પર આવેલા ઊંડા પાણીના કૃષ્ણા-ગોદાવરી (KG) બેસિનનો સૌથી મોટો ફાળો છે. KG બેસિનમાં ત્રણ ક્ષેત્રો, જેમ કે R ક્લસ્ટર, સેટેલાઇટ્સ ક્લસ્ટર અને MJ, ૨૦૨૪ માં ભારતના કુલ ૩૬ bcm ચોખ્ખા ઉત્પાદનમાં લગભગ ૨૫ ટકા હિસ્સો ધરાવતા હતા. આ ત્રણ ક્ષેત્રો દ્વારા તેમના જીવનકાળ દરમિયાન સંયુક્ત રીતે ૮૫ bcm ઉત્પાદન થવાની અપેક્ષા છે. જમીન પરના કુદરતી ગેસના ઉત્પાદનમાં ભારતનાં ઉત્તર-પૂર્વનાં રાજ્યો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આસામ અને ત્રિપુરા બેસિન ભારતના દરિયા કિનારાના ઉત્પાદનમાં લગભગ ૪૭ ટકા અને કુલ ગેસ પુરવઠામાં ૧૩ ટકા ફાળો આપે છે.

આસામ, ત્રિપુરા અને કેમ્બે બેસિનમાં રાજ્ય માલિકીની ONGC અને ઓઇલ ઇન્ડિયા મુંબઈ ઓફશોર અગ્રણી ઓપરેટરો છે, જેમાંથી કેટલાક ૧૯૬૦ ના દાયકાથી કુદરતી ગેસનું ઉત્પાદન કરી રહ્યા છે. જોકે, સ્થાનિક ઉત્પાદન એક ટોચમર્યાદા ધરાવે છે. ૨૦૩૦ સુધી સ્થાનિક ઉત્પાદનમાં માત્ર મધ્યમ વૃદ્ધિની અપેક્ષા છે. ૨૦૩૦ માં કુદરતી ગેસનું ઉત્પાદન ૩૮ અબજ ઘનમીટરથી ઓછું રહેવાનો અંદાજ છે, જે ૨૦૨૩ ના સ્તર કરતાં ફક્ત ૮ ટકા વધારે છે. મુંબઈના જૂના થઈ રહેલા ઓફશોર ફિલ્ડ અને KG-D6 બ્લોકમાંથી ઉચ્ચ સ્તરીય ઉત્પાદનને કારણે

નવા પ્રોજેક્ટો ઓનલાઈન થવા છતાં ઉત્પાદનના આંકડા નીચે આવી રહ્યા છે. સરળ શબ્દોમાં કહીએ તો ભારતનું કુદરતી ગેસનું સ્થાનિક ઉત્પાદન પૂરતું નથી. ભારતનો સ્થાનિક ગેસ પુરવઠો દેશની બધી જરૂરિયાતો પૂરી કરે તેવી શક્યતા નથી. તે તફાવત પૂરવા માટે LNG ની આયાત થાય છે.

સરકાર ઇચ્છે છે કે ૨૦૩૦ સુધીમાં ભારતના ઉર્જા વપરાશમાં કુદરતી ગેસનો હિસ્સો ૧૫ ટકા હોય, જે આજે લગભગ ૬ થી ૭ ટકા છે, જે આ અંતરને વધુ મોટું બનાવે છે. LNG એ કુદરતી ગેસ છે, જેને લગભગ માઈનસ ૧૬૨ ડિગ્રી સેલ્સિયસ સુધી અત્યંત ઠંડો કરવામાં આવે છે, જેના કારણે તે તેના મૂળ જથ્થાના લગભગ ૬૦૦મા ભાગ સુધી સંકોચાઈ જાય છે, જેથી તેને ટેન્કરોમાં ભરી શકાય છે અને મહાસાગરોમાં મોકલી શકાય છે. એકવાર તે બંદર પર પહોંચે પછી તેને ફરીથી ગરમ કરવામાં આવે છે અને પાઇપલાઇનમાં ધકેલવામાં આવે છે. ભારતમાં કુદરતી ગેસ વિવિધ હેતુઓ પૂરા પાડે છે. તે પાવર પ્લાન્ટને બળતણ આપે છે, ખેડૂતો માટે યુરિયા ઉત્પન્ન કરતી ખાતર ફેક્ટરીઓને ખોરાક આપે છે, ઔદ્યોગિક બોઈલર ચલાવે છે અને તેને કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) અને પાઇપ્ડ નેચરલ ગેસ (PNG) તરીકે પાઈપલાઈ ન વાટે સીધો ઘરો અને વાહનોમાં મોકલવામાં આવે છે. આપણો દેશ કોલસાના બળતણથી થી દૂર થઈ રહ્યો હોવાથી કુદરતી ગેસને સ્વચ્છ બળતણ તરીકે જોવામાં આવે છે, કારણ કે તેને બાળવામાં આવે ત્યારે ઓછો કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન કરે છે. ભારતને કુદરતી ગેસનો પુરવઠો આપતા દેશોમાં મધ્ય-પૂર્વ પ્રભુત્વ ધરાવે છે. કતાર દાયકાઓથી ભારતનો ટોચનો ગેસ સપ્લાયર રહ્યો છે અને તેમાં ટૂંક સમયમાં ફેરફાર થવાની શક્યતા ઓછી છે. તાજેતરનાં વર્ષોમાં ભારત માટે અમેરિકા કુદરતી ગેસના ઝડપથી વિકસતા વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. અન્ય સપ્લાયર્સમાં યુએઈ, ઓમાન, ઓસ્ટ્રેલિયા, રશિયા, નાઇજીરીયા અને અલ્જેરિયાનો સમાવેશ થાય છે. ૨૦૧૩ અને ૨૦૨૩ ની વચ્ચે ભારતની LNGની આયાત ૭૦ ટકા વધીને ૨૦૨૪ માં ૩૬ અબજ ઘનમીટર સુધી પહોંચી હતી, જેનાથી ભારત દેશ વૈશ્વિક સ્તરે ચોથા ક્રમનો સૌથી મોટો LNG આયાતકાર બન્યો છે.

ભારતમાં કુદરતી ગેસની આયાત માટે દક્ષિણ ગુજરાતના દહેજ ખાતે આવેલું પેટ્રોનેટ એલએનજીનું ટર્મિનલ અત્યાર સુધીનું સૌથી વ્યસ્ત ટર્મિનલ છે. અન્ય મુખ્ય ટર્મિનલ્સ હજીરા, દાભોલ, કોચી, ધામરા અને એન્નોર ખાતે કાર્યરત છે. ભારત નવાં ટર્મિનલ પણ બનાવી રહ્યું છે, જેમાં પૂર્વ કિનારા પર ગોપાલપુર ખાતે એક સુવિધાનો સમાવેશ થાય છે, જેથી ૨૦૨૦ના બાકીના દાયકા દરમિયાન કુદરતી ગેસના આયાતના વધતા જતા જથ્થાને પહોંચી વળવામાં આવશે. ૨૦૨૦ અને ૨૦૨૪ ની વચ્ચે ભારતના કુલ ગેસ ઉત્પાદનમાં લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે, પરંતુ આયાત ટર્મિનલ્સ માટે ગતિ જાળવી રાખવી મુશ્કેલ બની રહી છે. તાજેતરમાં ઉગ્ર બનેલા અમેરિકા-ઇઝરાયલ-ઈરાન યુદ્ધે ભારતની ઉર્જા સુરક્ષાને ગંભીર તાણમાં મૂકી દીધી છે.

ભારતની લગભગ ૫૦ થી ૬૦ ટકા LNG આયાત, મુખ્યત્વે કતાર અને UAE થી થાય છે, અને ૯૦ ટકા LPG આયાત હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા થાય છે, જે હવે લગભગ સ્થગિત થઈ ગઈ છે. ભારત તેના LPG વપરાશના લગભગ ૬૦ ટકાની આયાત કરે છે અને તે આયાતમાંથી લગભગ ૯૦ ટકા હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા થાય છે, જે વર્તમાન વિકાસને કારણે પ્રભાવિત થયો છે. કતારમાંથી LNG ઉત્પાદનમાં ઘટાડો થતાં ભારતને તેના પોતાના ત્રણ યુરિયા પ્લાન્ટમાં ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી છે, જેના કારણે ખાતર પુરવઠા અને ખાદ્ય ઉત્પાદન પર પણ ભારે અસર પડી છે. ભારતીય રસોડામાં વિક્ષેપ અનુભવાઈ રહ્યો છે. LPG ડિલિવરીમાં સાત થી ૧૪ દિવસનો વિલંબ થઈ રહ્યો છે. અછતને કારણે સરકારે ૨૫-૪૫ દિવસ પહેલાં સિલિન્ડર બુક કરવાની સલાહ આપી છે.

LPG અથવા લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ LNG થી અલગ ઈંધણ છે, પરંતુ તે એક જ ચોકપોઇન્ટમાંથી પસાર થાય છે. ભારત છ મુખ્ય સપ્લાયર્સ પાસેથી LPGની આયાત કરે છે: કતાર, UAE, કુવૈત, સાઉદી અરેબિયા, ઓમાન અને અમેરિકા. ભારત હાલમાં વિશ્વનો બીજો સૌથી મોટો LPGનો ગ્રાહક છે. છેલ્લા દાયકામાં ભારતના કુલ LPG વપરાશમાં આયાતનો હિસ્સો ૨૦૧૪ માં ૪૭ ટકાથી વધીને આજે લગભગ ૬૦ ટકા થયો છે. સરકારે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ લાગુ કર્યો છે. સંગ્રહખોરી અને કાળાંબજારનો સામનો કરવા માટે ૧૨,૦૦૦ થી વધુ દરોડા પાડ્યા છે અને ૧૫,૦૦૦ થી વધુ સિલિન્ડર જપ્ત કર્યા છે. સ્થાનિક રિફાઇનરીના LPG ઉત્પાદનમાં ૩૬ ટકાનો વધારો થયો છે.

ભારત અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના વૈકલ્પિક સપ્લાયર્સની પણ શોધ કરી રહ્યું છે. જોકે, અમેરિકાથી શિપમેન્ટ ભારતમાં પહોંચવામાં સરેરાશ ૪૫ દિવસ લાગે છે, જ્યારે ગલ્ફના બંદરોથી ફક્ત સાતથી આઠ દિવસ લાગે છે. જો ગલ્ફનું યુદ્ધ લાંબું ચાલ્યું તો લોકોએ ફરીથી લાકડાં, છાણાં અને કોલસાનાં બળતણ તરફ વળવું પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભારતની LNGની આયાત ૧૦ વર્ષમાં ૭૦ ટકા વધીને ૨૦૨૪ માં ૩૬ અબજ ઘનમીટર સુધી પહોંચી હતી, જેનાથી ભારત વૈશ્વિક સ્તરે ચોથા ક્રમનો સૌથી મોટો LNG આયાતકાર બન્યો છે

કચ્છમાં એક દાયકા બાદ 'ઘોરાડ'ના બચ્ચાનો જન્મ

ઓપરેશન એગ ટ્રાન્સફર દ્વારા વન વિભાગને મળી મોટી સફળતા

ગાંધીનગર : ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. કચ્છના અબડાસા વિસ્તારમાં લાંબા સમય બાદ અત્યંત દુર્લભ ગણાતા ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ)ના બચ્ચાનું આગમન થયું છે. કચ્છમાં નર ઘોરાડની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ જે ઈંડા મૂકતી હતી તે અફલિત (Infertile) રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે વન વિભાગે જમ્પસ્ટાર્ટ એપ્રોચ પદ્ધતિ હેઠળ એક સાહસિક અભિયાન હાથ ધર્યું હતું.

રાજસ્થાનથી મુસાફરી: રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી એક ફલિત (Fertile) ઈંડું પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં મૂકી ૧૯ કલાકની સતત રોડ મુસાફરી કરાવી સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું.

નેસ્ટ રિપ્લેસમેન્ટ: ૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના અફલિત ઈંડાના બદલે આ ફલિત ઈંડું તેના માળામાં મૂકવામાં આવ્યું હતું. માદા ઘોરાડ દ્વારા કુદરતી સેવન કર્યા બાદ ૨૬ માર્ચના રોજ તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો હતો.

પ્રોજેક્ટ GIB નો હેતુ

વર્ષ ૨૦૧૬માં શરૂ થયેલા પ્રોજેક્ટ GIB હેઠળ રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાં ઘોરાડની સંખ્યા વધીને ૭૩ સુધી પહોંચી છે.પીએમ નરેન્દ્ર મોદીએ ૨૦૧૧માં ઘોરાડના સંરક્ષણ માટે જે વિઝન રજૂ કર્યું હતું, તેને આ સિદ્ધિ દ્વારા નવું બળ મળ્યું છે.હાલમાં વન વિભાગની સ્પેશિયલ મોનિટરિંગ ટીમ દ્વારા માદા ઘોરાડ અને તેના નવજાત બચ્ચાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વન્યજીવ પ્રેમીઓ માટે આ સમાચાર પર્યાવરણ જતનના સંકલ્પને વધુ મજબૂત બનાવનારા સાબિત થયા છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે કચ્છના અબડાસા વિસ્તારમાં એક દાયકાના લાંબા અંતરાલ બાદ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ -ઘોરાડના બચ્ચાનો જન્મ થયો છે તે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે ,વન્યજીવન સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાસલ કરી ગણી શકાય.આ સફળતા પાછળ જમ્પસ્ટાર્ટ એપ્રોચ (Jumpstart Approach) નામની અત્યાધુનિક સંરક્ષણ પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે.

BUSINESS મિત્ર

ઇઝરાયેલના ઇરાન પરના હુમલા ચાલુ રહેતા ભારતીય શેરબજારમાં વધુ કડાકા ભડાકા જોવા મળશે

સતત પાંચમા સપ્તાહે શેરબજાર ઘટ્યું, ઓગસ્ટ 2025 પછી સૌથી લાંબો ઘટાડો રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 28: યુએસ-ઇરાન યુદ્ધ ચાલુ રહેવાની વધી રહેલી સંભાવના, ભારતીય રૂપિયો ઐતિહાસિક તળિયે, એફઆઇઆઇની સતત એકઝીટ અને ક્રુડ ઓઇલના વધતા ભાવો વચ્ચે, બજાર સતત પાંચમા સપ્તાહ માટે ઘટ્યું હતું, જે ઓગસ્ટ 2025 પછીનો સૌથી મોટો ઘટાડો છે. જોકે, અમેરિકાએ 6ઠ્ઠી એપ્રિલ સુધી યુદ્ધવિરામની જાહેરાત કરી હતી, પણ તેનો ઇઝરાયેલે સ્વીકાર્યો નથી અને ઇઝરાયેલના સતત હુમલા ચાલુ રહ્યા હતા, જેના લીધે તણાવ વધુ તીવ્ર બન્યો હોવાથી આગામી સપ્તાહમાં પણ ભારતીય શેરબજારમાં ભારે ઉથલપાથલ જોવા મળી શકે છે, અને સેન્સેક્સ અને નિફ્ટી નવી નીચી સપાટી તરફ આગેકૂચ કરતો જોવા મળી શકે છે.

વિતેલા સપ્તાહમાં, સેન્સેક્સ 949.74 પોઇન્ટ એટલે કે1.27 ટકા ઘટીને 73583.22 પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી 294.9 પોઇન્ટ એટલે કે 1.27 ટકા ઘટીને 22819.60 પર બંધ રહી હતી.

વિતેલા સપ્તાહે બીએસઈનો મિડકેપ ઈન્ડેક્સ 1.3 ટકા ઘટ્યો હતો. ગુજરાત ગેસ, ભારત ડાયનેમિક્સ, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની, એસ્કોર્ટ્સ કુબોટા, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ, ટોરેન્ટ પાવર, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, કોચીન શિપયાર્ડ, એનટીપીસી ગ્રીન એનર્જી અને 360 વન ડબલ્યુએએમ મિડકેપમાં સૌથી વધુ નુકસાન થયું હતું. બીજી તરફ ગ્લેન્ડ ફાર્મા, ઓરેકલ ફાઇનાન્સિયલ સર્વિસિસ સોફ્ટવેર, કોફોર્જ, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, વિશાલ મેગા માર્ટ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ અને પ્રીમિયર એનર્જીઝ ટોપ ગેઇનર્સ રહ્યા હતા.

બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં વિતેલા સપ્તાહે 1 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એમ્બેસી ડેવલપમેન્ટ્સ, બ્રેઇનબીઝ સોલ્યુશન્સ, પીટીસી ઈન્ડસ્ટ્રીઝ, ચેન્નાઈ પેટ્રોલિયમ કોર્પોરેશન, આરએચઆઈ મેગ્નેસિટા ઈન્ડિયા, જયપ્રકાશ પાવર વેન્ચર્સ, ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝ, ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ, રિલેક્સો ફૂટવેઅર્સ, કિર્લોસ્કર બ્રધર્સ, બોમ્બે બર્મા ટ્રેડિંગ કોર્પોરેશન, ફિનોલેક્સ કેબલ્સ અને ઈઆઈએચમાં 8-13 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ એચઈજી, એએફએલ 3આઈ, એમ્ક્યુર ફાર્માસ્યુટિકલ્સ, અપાર ઈન્ડસ્ટ્રીઝ, એસીએમઈ સોલર હોલ્ડિંગ્સ, સમ્માન કેપિટલ, ફાઇવ સ્ટાર બિઝનેસ ફાઇનાન્સ અને બ્રિગેડ એન્ટરપ્રાઇઝમાં 7થી 15 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

આઈટી સિવાયના અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ રંગમાં બંધ થયા હતા. નિફ્ટી ડિફેન્સ અને પીએસયુ બેન્ક સૂચકાંકોમાં 4-4 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સમાં 3.7 ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સમાં 2.4 ટકા અને મેટલ ઈન્ડેક્સમાં 2 ટકાનો ઘટાડો થયો હતો.

સપ્તાહ દરમ્યાન રિલાયન્સના માર્કેટ કેપમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારબાદ એચયુએલ, બજાજ ફાઇનાન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સમાં દબાણ જોવા મળ્યું હતું. બીજી તરફ, લાર્સન એન્ડ ટુબ્રો, બજાજ ફાઇનાન્સ, એચસીએલ ટેક્નોલોજીસના માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો હતો.

એફઆઈઆએ સતત છઠ્ઠા સત્રમાં ભારતીય ઈક્વિટીમાં વેચાણ ચાલુ રાખ્યું હતું, જેમાં રૂપિયા 24596.46 કરોડના શેરનું વેચાણ થયું હતું. જ્યારે ડીઆઈઆઈએ રૂપિયા 26897.05 કરોડની ઈક્વિટી લીધી હતી. વિતેલા સપ્તાહમાં સૌથી વધુ રૂપિયો તૂટયો હતો અને ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચી ગયો હતો. જે સપ્તાહના અંતે 94.81ના રેકોર્ડ સ્તરની નજીક બંધ થયો હતો, જે લગભગ સપ્તાહ દરમ્યાન 2 ટકાનો ઘટાડો દર્શાવે છે.

વોડાફોન આઈડિયા બાદ ભારતી એરટેલે એજીઆરમાં રાહત માંગી

જો કે ટેલિકોમ મંત્રાલયે કહ્યું કે એજીઆરમાં રાહત માત્ર વોડાફોન આઇડિયા પુરતી મર્યાદિત છે

નવી દિલ્હી, તા. 28: વોડાફોન આઈડિયાને એજીઆરમાં રાહત મળ્યા બાદ ભારતી એરટેલે સરકારને એજીઆર બાકી રકમમાં રાહત આપવાની અપીલ કરી છે. ટેલિકોમ વિભાગે સ્પષ્ટતા કરી છે કે હાલની રાહત માત્ર વોડાફોન આઈડિયા સુધી મર્યાદિત છે. સરકારના જણાવ્યા અનુસાર, એરટેલે રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો આદેશ માંગવો પડશે. કંપની પર લગભગ 42000 કરોડ રૂપિયાનું દેવું છે.

વોડાફોન આઈડિયાને મળેલી રાહતને ટાંકીને કંપનીએ પોતાના માટે આવી જ સુવિધા માંગી છે. ડીઓટીએ સંસદમાં જણાવ્યું હતું કે એરટેલે આ મામલે સત્તાવાર પ્રેઝન્ટેશન કર્યું છે, પરંતુ અત્યાર સુધી આપવામાં આવેલી રાહત માત્ર વોડાફોન આઈડિયા સુધી જ મર્યાદિત છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે એ પણ સ્પષ્ટતા કરી હતી કે જે આદેશ જારી કરવામાં આવ્યો છે તે ફક્ત સંબંધિત ટેલિકોમ કંપની વોડાફોન આઈડિયા માટે છે.

વિભાગના જણાવ્યા અનુસાર, વોડાફોન આઈડિયાના એજીઆર બાકી રકમનું પુનર્ગઠન સુપ્રીમ કોર્ટના આદેશો અનુસાર કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ કેન્દ્ર સરકારની કેબિનેટે એજીઆર એરિયર્સ પર 5 વર્ષના મોરેટોરિયમને મંજૂરી આપી હતી, ત્યારબાદ 10 વર્ષમાં ચુકવણીની વ્યવસ્થા અને બાકી રકમનું પુનર્ગઠન કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ સ્પષ્ટ કરી દીધું હતું કે ભારતી એરટેલે એજીઆર એરિયર્સમાં રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવો પડશે. એટલે કે, સરકાર તેના સ્તરે સીધી રાહત આપી શકશે નહીં, સિવાય કે કોર્ટ તરફથી અન્ય કંપનીના કિસ્સામાં આવો જ આદેશ ન આવે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એજીઆર વિવાદ 2019થી ચાલે છે, તે વખતે સુપ્રીમ કોર્ટે ટેલીકોમ્યુનિકેશન વિભાગની વ્યાખ્યાને સાચી ગણાવી હતી. જે અનુસાર ટેલિકોમ કંપનીઓએ તેમની કમાણીના મોટા ભાગ પર લાયસન્સ ફી અને અન્ય ચ